ગાંધીનગર સમાચાર
તા. ૧૮-૨-૨૦૧૨, સોમવાર

તંત્રી સ્થાનેથી.....

રાજકારણ અને ખુશામતખોરી

આપણામાં કહેવત છે કે ખુશામત ખુદાને પણ પ્યારી લાગે છે. બૉસને સારૂં લગાડવા માટે અધીનસ્થ કર્મચારીઓને એક જ સૂત્ર યાદ રાખવાનું હોય છે : 'બૉસ ઇઝ ઑલ્વેઝ રાઇટ.' એવી જ એક દેશી કહેવત છે : ભાથીજીના ભાલે ભાલો. તમે કહો તે પૂર્વ દિશા... છેલ્લા ઘણા વખતથી બેઉ મુખ્ય રાષ્ટ્રીય પક્ષોમાં વડાપ્રધાન પદના ઉમેદવારના નામે ચર્ચા ચાલે છે. કોંગ્રેસીઓ રાહુલ ગાંધીને વહાલા થવા એમના નામની માળા જપતા રહે છે. ભાજપમાં અમુક આગેવાનો નરેન્દ્ર મોદીનું નામ આગળ ધરતા રહે છે. જો કે, કોંગ્રેસમાં રાહુલ સર્વસ્વીકૃત, બિનવિવાદાસ્પદ નામ છે, જયારે ભાજપમાં હજી નરેન્દ્ર મોદીનું નામ લેવામાં વરિષ્ઠ નેતાઓ ખંચકાટ અનુભવે છે. ખુદ પક્ષ પ્રમુખ રાજનાથસિંહ આ મુદ્દે મગનું નામ મરી પાડવા તૈયાર નથી. ખુશામતખોરો એમની આગવી ગણતરીઓ સાથે એમના પ્રિય નેતાએ રાજી કરવાની તક ઝડપી લેવા હોય છે. વિજય બહુગુણા પરંપરાગત કોંગ્રેસી પરિવારના વારસ છે. એમનાં પિતા હેમવંતીનંદન બહુગુણાએ ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી તરીકે કામગીરી બજાવી હતી પરંતુ એક તબક્કે એમણે કોંગ્રેસ છોડી દીધી હતી અને એમને અલ્હાબાદની બેઠક પરથી હટાવવા માટે રાજીવ ગાંધીએ એમના ભાઈબંધ અમિતાભ બચ્ચનને કોંગ્રેસના ઉમેદવાર તરીકે ચૂંટણી જંગમાં ઉતાર્યા હતા. બહુગુણાના અવસાન પછી એમનાં સુપુત્રી રીટા બહુગુણા-જોશી કોંગ્રેસમાં સક્રિય થયાં હતા. છેક છેલ્લી ઉત્તરપ્રદેશની ધારાસભાની ચૂંટણી સુધી એ પ્રદેશ પ્રમુખના હોદ્દા પર હતા. વિજય બહુગુણા જજ તરીકે નિવૃત્ત થયા પછી ઉત્તરાખંડમાંથી સંસદમાં ચૂંટાયા હતા અને ઉત્તરાખંડમાં વિધાનસભાની ચૂંટણી પછી હરીશ રાવત જેવા લોકપ્રિય નેતાની મુખ્યમંત્રીપદની દાવેદારી છતાં હાઇકમાંડે વિજય બહુગુણાને મુખ્યમંત્રી બનાવ્યા હતા. વિજય બહુગુણાને પ્રથમ ગ્રાસે મક્ષિકા જેવો અનુભવ થયો હતો. હરીશ રાવતે રિસામણાં લીધાં હતા, જેને પગલે બહુગુણા એમની ખાલી પડેલી બેઠક પર એમના પુત્રને જિતાડવામાં નિષ્ફળ નીવડ્યા હતા. આવી બાબત એમને રાહુલ ગાંધી જેવા તરવરિયા નેતાની 'ગુડ બુક'માંથી દૂર ખસેડવા પૂરતી ગણાય. રાહુલ ગાંધીએ પક્ષનું ઉપાધ્યક્ષપદ સંભાળ્યા પછી ઠેકઠેકાણે નબળી તેઓ વિવિધ સ્તરના નેતાઓ અને અગ્રણી કાર્યકરોની બેઠકો યોજી એમની પાસેથી ફીડબેક મેળવે છે તથા માર્ગદર્શન આપે છે. એવી એક બેઠક દરમિયાન રાહુલજીને વડાપ્રધાનપદ સ્વીકારવાની ખુશામતપૂર્ણ વિનંતી કરવાં વિજય બહુગુણા ભારે કકોડી હાલતમાં મુકાઇ ગયા હતા. બહુગુણાની રજૂઆતના ટેકામાં બીજા બધા આગેવાનો પણ રાહુલ રાગ આલાપવા લાગ્યા ત્યારે નાછૂટકે રાહુલ ગાંધીને કહેવું પડ્યું કે આપણી પાસે અત્યારે ડૉ. મનમોહનસિંહ જેવા શ્રેષ્ઠ વડાપ્રધાન છે અને તેઓ ખૂબ સારૂં કામ કરી રહ્યાં છે. આજ પછી મને આવા શબ્દો ફરી સાંભળવા નહીં ગમે. એમણે નેતાઓને પોતાના વિસ્તારમાં જઈ નબળા સંગઠનને મજબૂત બનાવવા કામે લાગી જવા અનુરોધ કર્યો હતો. પ્રદેશ નેતાઓ પણ મહિનામાં ઓછામાં ઓછા દસેક દિવસ લોકો વચ્ચે ગાળે તેવી લાગણી દર્શાવી ઉમેર્યું હતું કે હવે ફક્ત કામ કરનારને જ ઇનામ (ટિકીટ) અપાશે. ખુશામતખોરી કે નારેબાજી કરી ટિકીટો મળતી તે દિવસો ગયા. રાહુલની આ પેટછૂટી વાતો એમનાં બુલંદ ઇરાદામાંથી પ્રગટે છે. એમને 'ઇન્દિરા ઇઝ ઇન્ડિયા' જેવી ખુશામતખોરીથી દાદીની જે દુર્દશા થઇ હતી તે યાદ આવી ગઇ હોવી જાઇએ. વડાપ્રધાનપદ નથી ગમતું એમ કોણ કહે છે? પણ એ માટે રાહુલને સૂત્રો કે દરખાસ્તો કરનારાઓની જરૂર નથી. એમને તો કોંગ્રેસના નેતૃત્વ હેઠળ ૨૦૧૪ની લોકસભાની ચૂંટણી જીતવાની જ જરૂર છે - પદ તો કયારનું ય એમના ખિસ્સામાં પડેલું છે. કોંગ્રેસ કે યુપીએમાં ભાજપ અને એનડીએ જેવી નેતાગીરીની હૂંસાતૂંસી નથી, તે કોણ નથી જાણતું?

નગરપાલિકાઓ હસ્તકની પ્રાથમિક શાળાના શિક્ષકોના પગાર ભથ્થાની ગ્રાન્ટના ધોરણોમાં સુધારો કરાયો

ગાંધીનગર, તા.૧૭

રાજય સરકારે નગરપાલિકા હસ્તકની પ્રાથમિક શાળાના શિક્ષકોના પગાર ભથ્થાની ગ્રાન્ટના પ્રવર્તમાન ધોરણોમાં સુધારો કરી ૧૦૦ ટકા ગ્રાન્ટ આપવાનો નિર્ણય કર્યો છે.

રાજયની પ્રાથમિક શિક્ષણનો વહીવટ સંભાળતી અધિકૃત નગરપાલિકા હસ્તકની પ્રાથમિક શાળાના શિક્ષકોના પગાર ભથ્થા માટે પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી હસ્તકના બજેટમાં નિભાવ અનુદાન હેઠળ જોગવાઈ કરવામાં આવે છે. હાલમાં મહાનગરપાલિકાઓને ખર્ચના ૮૦ ટકા અને નગરપાલિકાઓને ખર્ચના ૯૫ ટકા મુજબ ગ્રાન્ટ આપવામાં આવે છે.

ગુણોત્સવલક્ષી લર્નીંગ શિક્ષણનો વ્યાપ વધારવા માટે અધિકૃત નગરપાલિકાઓને આપવામાં આવતી ગ્રાન્ટના પ્રવર્તમાન ધોરણોમાં સુધારો કરી ૧૦૦ ટકા ગ્રાન્ટ રાજયની સહાય તરીકે આપવાની જરૂરીયાત જણાતા પ્રાથમિક શાળામાં આરટીઈ ૨૦૦૯ની જોગવાઈઓ ધ્યાને લઈ નગરપાલિકા હસ્તકની શિક્ષણ સમિતિઓને ગુણવત્તાના આધારે ૧૦ ટકા પગાર ગ્રાન્ટ આપવાની સરકારે સક્રિય વિચારણા હાથ ધરી હતી. રાજયની પ્રાથમિક શિક્ષણનો વહીવટ સંભાળતી અધિકૃત નગરપાલિકા હસ્તકની પ્રાથમિક શાળાના શિક્ષકોનો પગાર ભથ્થા માટે ૧૩ નગરપાલિકાઓને શહેરનો ગુણોત્સવના ગ્રેડ જો રાજયના સરેરાશ ગ્રેડ કરતા વધારે હોય તો જ ૧૦૦ ટકા ગ્રાન્ટ આપવામાં આવશે. રાજયની ૧૩ નગરપાલિકાઓને વર્ષ ૨૦૧૩-૧૪માં ગ્રાન્ટ ૯૫ ટકાથી વધારીને ૧૦૦ ટકા ગ્રાન્ટ આપવાથી જે વધારાનો વાર્ષિક ખર્ચ થશે તે પગારની આયોજન બહારની જોગવાઈમાંથી પ્રાથમિક શિક્ષણ કચેરી હસ્તકના બજેટમાંથી કરવાનો રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે પ્રાથમિક શાળાઓમાં શિક્ષણના સ્તરને સુદઢ કરવા માટે રાજય સરકાર દ્વારા છેલ્લા કેટલાક વર્ષોથી શાળાઓમાં ગુણોત્સવનો કાર્યક્રમ શરૂ કર્યો છે. ગુણોત્સવલક્ષી લર્નિંગ શિક્ષણનો વ્યાપ વધારવા માટે અધિકૃત નગરપાલિકાઓને આપવામાં આવતી ગ્રાન્ટમાં વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

બહેન શાકભાજીનાં ભાવ જે વધ્યા તેનું કારણ હોલસેલરો 'વેસનેડિસ્ટબેન્સ' એવું આપે છે.. પણ વારે ઘડીએ પેટ્રોલનાં ભાવ વધે છે તેમાં ક્યું ડિસ્ટર્બન્સ કામ કરે છે એ નથી ખબર પડતી...

ખેલ મહાકુંભમાં મમતા સ્પોર્ટસ સેન્ટરના ખેલાડીઓ ઝળકયા

ગાંધીનગર, તા.૧૭

સર્વ વિદ્યાલય કેમ્પસમાં આવેલા મમતા સ્પોર્ટસ સેન્ટરના ખેલાડીઓએ ખેલ મહાકુંભમાં વિવિધ વયજુથમાં યોજાયેલી સ્પર્ધાઓમાં ઉત્તમ પ્રદર્શન કરી સેન્ટરનું ગૌરવ વધાર્યું હતું.

ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારની સ્પર્ધાઓમાં કલાઈવે-સ્કેટીંગની સોળ વર્ષની વયજુથની સ્પર્ધામાં મતતા સ્પોર્ટસ સેન્ટરના બાળકોએ બીજો રેન્ક મેળવ્યો હતો. રુમીત પટેલે ચાર રેસમાંથી ત્રણ રેસમાં પ્રથમ રેન્ક અન બીજો રેન્ક મેળવ્યો હતો. નિહાર જહાએ દ્વીતીય નંબર અને અક્ષય પટેલે ત્રીજો નંબર મેળવ્યો હતો.

દશ વર્ષથી નીચેની બહેનોના વયજુથમાં કશિશ અગ્રવાલે ત્રીજો રેન્ક મેળવ્યો હતો. જયારે રાજવી પટેલે પ્રથમ રેન્ક મેળવ્યો હતો. આરતી ઈસોટીયા એ બેસ રેસમાં પ્રથમ અને બે રેસમાં દ્વિતીય નંબર મેળવ્યો હતો. આ ઉપરાંત આરતી અનિલભાઈએ બે રેસમાં દ્વિતીય રેન્ક મેળવી સેન્ટરને ગૌરવ અપાવ્યું હતું. વિજેતા ખેલાડીઓને સંસ્થા દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

વી.પી.એમ.પી. પોલીટેકનિક ખાતે રીસર્ચ વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરનાં સેકટર-૧૫માં આવેલી વી.પી.એમ.પી. પોલીટેકનિક ખાતે તાજેતરમાં 'રીસર્ચ મેથડસ ઈન એજયુકેશનલ ટેકનોલોજી' વિષય ઉપર રીસર્ચ વર્કશોપનું માહિતીપ્રદ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૫ એન્જીનિયરીંગ કોલેજોના અધ્યાપકો જોડાયા હતા અને વર્કશોપનો લાભ લીધો હતો.

આ.ઈ.એસ.ટી.ઈ. નવી દિલ્લી અને ઈન્ડીયન ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી, મુંબઈના સંયુકત ઉપક્રમે વીપીએમપી પોલીટેકનીક, સેકટર-૧૫ ખાતે ફેબ્રુઆરી ૨ અને ૯ના રોજ 'રીસર્ચ મેથડસ ઈન એજયુકેશનલ ટેકનોલોજી' વિષય ઉપર બે દિવસીય રીસર્ચ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે આ કોલેજને ગત વર્ષે ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી, મુંબઈ દ્વારા રીમોટ સેન્ટર તરીકે માન્યતા મળી હતી. આ વર્કશોપમાં રીસર્ચ પ્રોબ્લેમ્સ, એજયુકેશનલ ટેકનોલોજીના માધ્યમ થકી સંશોધન પત્રોનું વિશ્લેષણ જેવા વિષયો ઉપર કાર્ય શિબિર થઈ હતી. આ કાર્ય શિબિરમાં કુલ ૨૫ વિવિધ એન્જીનીયરીંગ વિદ્યાશાખાના અધ્યાપકોએ ભાગ લીધો હતો એમ સંસ્થાના આચાર્ય શ્રી એ.જે. પટેલ જણાવે છે.

અમદાવાદ શહેરની એલ.ડી. કોલેજ પાસેથી વહેલી સવારે યોજાઇ મોટીફ દોડ

આવો અંગ્રેજી શીખીએ

- ચેતના ભુચ

(ક્રિયા વિશેષણો) **ADVERBS**

મિત્રો, ગયા સપ્તાહે આપણે ક્રિયા વિશેષણના ચાર પ્રકારોનો અભ્યાસ કર્યો હતો. આજે બીજા ત્રણ ક્રિયા વિશેષણના પ્રકારો અને ક્રિયા વિશેષણો બનાવવા માટેના નિયમો શીખીએ.

(5) Adverb of Degree (કક્ષા કે પ્રમાણ બતાવનાર)

e.g : - We were very tired.

- She is too poor to have a bicycle.

ઉપરોક્ત વાકયમાં **very** અને એ **poor** એટલે થકાવટ કે ગરીબાઈ એટલે **tired** નું પ્રમાણ બતાવે છે.

(6) Relative Adverb (સંબંધ બતાવનાર)

e.g : - Rita was Watching T.V. Seriel when manoj come.

- Should me where you put the keys.

ઉપરોક્ત વાકયમાં **when** અને **where** છે.

(7) Adverb of Interrogation (પ્રશ્નાર્થ દર્શાવનાર)

e.g : - When? Where? Why?

- When did you buy this pen?

- Why are you late?

ઉપરોક્ત વાકયમાં **when** અને **why** એ પ્રશ્નાર્થ ક્રિયા વિશેષણો છે.

• How Adverbs are Formed :

(ક્રિયા વિશેષણ કેવી રીતે બનાવાય છે)

(૧) મોટા ભાગે **Adverb of Manner** અને કેટલાક **Adverb** ને **ly** 'પ્રત્યય' લગાડીને બનાવાય.

e.g : quick - quickly,
rapid - rapidly
brave - bravely

નોંધ : જો વિશેષણના છેડે **'y'** હોય તો **'y'** નો **'i'** કરીને પછી **ly** લગાડાય.

e.g : gay - gaily

(૨) છેલ્લા સ્વર પછી **l** આવે તેવા વિશેષણને સામાન્યતઃ **ly** લાગે છે.

e.g : beautiful -beautifully
Careful - Carefully

(૩) વિશેષણના છેડે આવતો **'e'** હંમેશા જેમનો તેમ જ રખાય.

e.g : extreme - extremely.
Sincere - Sincerely'

કેટલાંક અપવાદ હોઇ શકે છે

જેમ કે, **true - truly,**
Capable - Capably

(૪) **Good**નું **Adverb 'Well'** થાય.

(૫) નીચેનાં વિશેષણો એ જ રૂપે **Adverbs** (ક્રિયા વિશેષણો રૂપે) વપરાય.

e.g. far, fast, hard, high, little, much, etc.'

નોંધ : **High'** નું **highly adverbs** બને પરંતુ તેનો અર્થ વિશેષણ કરતાં સંકુચિત છે અને **highly** નો અર્થ ભાવવાચક છે માટે **high'**નું **adverbs high'** વધારે ઉચિત છે.

મિત્રો, આજે ખૂબ જ નજીકના લાગતા ત્રણ શબ્દો વચ્ચેની પાતળી ભેદરેખા જુઓ.

error - ઍરર - ત્રુટિ, ક્ષતિ

mistake - મિસ્ટેક - ભૂલ (માફ કરી શકાય તેવું)

blunder - બ્લન્ડર - ભૂલ, ગંભીર ભૂલ - માફ ન કરી શકાય તેવી (હિમાલય જેવડી ભૂલ)

પુનરૂત્થાન સેવા ટ્રસ્ટ દ્વારા એક દિવસીય પરિસંવાદ યોજાયો

શહેરની સેક્ટર-૧ પમાં આવેલી વિપીએમપી પોલીટેકનીકની વિદ્યાર્થિનીઓ માટે પુનરૂત્થાન સેવા ટ્રસ્ટ દ્વારા 'વિસરાતા જતા કૌટુંબીક મૂલ્યો' વિષય ઉપર એક દિવસીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટના પ્રમુખ અને નિવૃત્ત પ્રોફેસર શ્રીમતી ઈન્દુબેન કાટદ્યર દ્વારા આધુનિક ભારતીય સમાજમાં દિન-પ્રતિદિન વિસરાઈ રહેલી સંયુકત કુટુંબની અભિ-ભાવના, લગ્નપ્રથા અને તેની સાથે સંકળાયેલા સંસ્કારોની મહત્તા જેવા સાંપ્રત વિષયો ઉપર વ્યાખ્યાન અને પ્રશ્નોત્તરી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સંસ્થાની ૭૦ જેટલી વિદ્યાર્થીઓ અને ૧૨ મહિલા અધ્યાપકોએ ભાગ લીધો હતો.

'... અને દિકરીના પિતાએ વેવાઈને રોકડું પરખાવ્યું, 'વેવાઈ, મારે દિકરીના જીવતરનું ઘડતર કરવાનું છે, હું દિકરીનો વેપાર કરવા નથી બેઠો...'

સમાજ-ચિંતન

- પોપટલાલ એસ પ્રજાપતિ

લગ્નએ ઢીંગલીની રમત નથી, સમજી- વિચારીને પુખ્તવયે લેવાયેલો એ નિર્ણય હોય છે અને છતાં પાત્ર પસંદગીમાં થાપ ખવાઈ જાય તો તમારીએ ભુલની સજાનો ભોગ બીજાને હરગિજ બનવા દેવાય નહીં. કેટલાક ભ્રમરવૃત્તિવાળા યુવાનો સાપ કાંચળી ઉતારે એટલી સહતાથી જીવનસાથી બદલવાનો નિર્ણય કરી દેતા હોય છે, ત્યારે એમની માનસિકતા પર દયા ખાવી કે એમની બાલિશતા પર ફિટકાર વરસાવવો તે વિચારણા માગી લે તેવો પ્રશ્ન છે. વર્તમાન સમયની આ બલિહારી છે અને તેમાં ક્યારેક વડીલો પણ લાગણીથી દોરાઈ તેમાં પથીકાર બને છે. આમ કરવામાં તેમની લાચારી હોય છે કે તુમાખી તે નક્કી કરવું મુશ્કેલ થઈ જાય છે. ૮૦ વર્ષ વટાવી ચુકેલા વડીલોને તો આ બધું જૂની આંખે નવા તમાશા જેવું લાગે તે સ્વાભાવિક છે. છેલ્લા સમાચાર પ્રમાણે હવે ચીનમાં બોયફ્રેન્ડ અને ગર્લફ્રેન્ડ ભાડેથી મળવા લાગ્યા છે. એક કે બે દિવસ કોઈપણ યુવક-યુવતિ મનપસંદ ફ્રેન્ડ સાથે હરીફરી શકે અને હોટલમાં એકાંત પણ માણી શકે. તાજા સમાચાર એવા પણ છે કે મેકિસકોમાં માત્ર નવ વર્ષની બાળકી પુત્રને જન્મ આપે છે... ઈન્ડિયા પણ પાછું પડે તેમ નથી. ૬૧માં વર્ષે ફિલ્મ અભિનેત્રી જિન્નત અમાન ૩૬ વર્ષના યુવક સાથએ લગ્નની તૈયારી કરી રહી છે... કોણ જાણે સામાજિક માળખું ટકશે કે કેમ?

ચારે બાજુ અગન જવાળાઓ પ્રગટે પછી મીણબત્તીઓ લઈને સરઘસો કાઢવાથી શું વળશે? પછી તો આગને ઠારવાનું પણ કદાચ મુશ્કેલ બને કારણ કે ધરતીમાં જળ ભંડારો પણ ખૂટવા લાગ્યાં છે.. ખેર, આપણે આજે વાત કરવી છે એક એવા પાત્રની જેણે ૧૦ વર્ષમાં બે કન્યાઓને છુટાછેડા આપ્યા છે અને ત્રીજી કન્યાને છુટા કરવાની પેરવીમાં છે. આ એક સત્ય ઘટના ગાંધીનગરના એક મોટા ગામની છે પણ તેના પાત્રોના નામ કાલ્પનિક છે..

આજથી દસ વર્ષ પહેલાં કરણના લગ્ન માધવી સાથે થયેલા. એક વર્ષ મોજ મજા કર્યા બાદ કરણે તેના માતા-પિતાને જણાની દીધું કે આ કન્યા સાથે મને નહી ફાવે. મારી સાથે તે સેટ નહી થઈ શકે. વડીલોએ દિકરાની વાતમાં વિશ્વાસ રાખી સમાજિક રીતે તેના છુટાછેડા કરાવ્યા. બે લાખમાં પતાવટ થઈ... ત્યારબાદ કરણનો સંબંધ કલ્પના સાથે નક્કી થયો. આ સંબંધ પણ છ જ મહિના ચાલ્યો. અમારું સેટિંગ નહીં થાય તેવી દલીલ કરી કરણ તેનાથી પણ છુટો પડયો. ઉંમર વધતી જતી હતી. કરણનું પરિવાર પૈસે ટકે સુખી હતું. તેમણે ત્રીજી કન્યા શોધી તેને પુત્રવધુ બનાવવાની તૈયારી કરી. આ દરમ્યાન મિ. કરણકુમાર ચોથી યુવતિના પ્રેમમાં સપડાયા પણ તેમણએ આ બાબતની ગંધ સરખી કોઈને આવવા દીધી નહિ. માતા-પિતાના આગ્રહથી તેણે ત્રીજી યુવતિ સાથએ લગ્ન તો કર્યા પણ સુહાગરાતે જ પત્નિને જણાવ્યું કે મેં તો માતા-પિતાના દબાણથી આ લગ્ન કર્યાં છે. મારી કોઈ ઈચ્છા હતી નહીં. હું તને પત્નિ તરીકે સ્વીકારી શકીશ નહીં. પરણઈને સાસરે આવેલી નવોઢાના સપનાના મહેલને જાણે ભૂકંપનો આંચતો લાગ્યો અને એ જ ક્ષણે તે પત્તાના મહેલની જેમ તૂટી પડયો. ગળામાંથી ચીસ નીકળી ગઈ પણ એ સીધ ઘરની ચાર દિવાલોમાં જ શમાઈ ગઈ. પણ બીજી જ ક્ષણે વિદ્યાએ મન મક્કમ કરી નિશ્ચય કર્યો કે કરમની આ કઠણાઈનો હિંમતથી મુકાબલો કરીશ અને પતિને સમજાવટથી, લાગણીથી, પ્રેમથી, મારો પોતાનો કરી લઈશ. પણ પતંગિયાવૃત્તિ એક ફુલના પરાગથી ક્યારેય સંતોષાય ખરી? અને પાછી લક્ષ્મીની ઝાકમઝોળ... છાકટી બનેલી યુવાની જમાનાની થાપટ ખાધા સિવાય ક્યારેય પાછું વળવાનું નામ લેતી નથી. વિદ્યાના સુખી દામ્પત્યજીવનના સપનાં ચકનાચુર થઈ ગયા. અને હૃદયની વેદનાને અંતરમાં ધરબી વિદ્યા પિયરમાં આવી. પિતાને વાત કરી. માતા આ દુનિયાને અલવિદા કરી ગઈ હતી.

દિકરીની મનોવ્યથા માતા સમજી શકે તેટલી પિતા ન સમજે તે સ્વાભાવિક છે પિતા દિકરીના સુખ માટે સમર્પિત થઈ જાય પણ એની મનોવ્યથાનો ઉકેલ શોધતાં શોધતાં તે કદાચ ધિરજ ગુમાવી બેસે. મા વિનાની દિકરીની જીવન નૈયાને કિનારે પહોંચાડવાની કપરી જવાબદારી પિતાના શિરે આવી પડી. તેમણે માન્યુ સમય આનો ઉકેલ લાવશે. પણ સમય વિતતો ગયો. જોત જોતામાં ૧૦ વર્ષ પસાર થઈ ગયા. કરણ એકનો બે થતો નથી. કોઈની સમજાવટ કામે લાગતી નથી. તેણે ખાનગી રીતે કોઈને ખબર ન પડે તેમ અમેરિકાનો પાસપોર્ટ કઢાવી લીધો અને અમેરિકા કમાવા જવાનું બહાનુ કાઢી રાતોરાત અમેરિકા ઉપડી ગયો. વિદ્યાની રહી સહી આશા ધૂળમાં મળી ગઈ, પણ વિદ્યા કઠણ કાળજાની હતી તે હિંમત હારી નહીં તેણે નક્કી કર્યું હું મારા પતિની રાહ જોઈશ, એક વર્ષ, બે વર્ષ, પાંચ કે દશ વર્ષ પણ તેને છુટાછેડા નહી આપું. એની રાહ જોવામાં જન્મારો પુરો કરીશ... હું થાકીશ નહીં... અને સમય વિત્યે કરણના માતા-પિતાએ વેવાઈને કહેણ મોકલ્યું કે દિકરો અમારા કહ્યામાં નથી તમારી દિકરીનું જીવતર બગડે એના કરતાં અમે છુટાછેડા આપી દઈએ અને છુટાછેડા નિમિત્તે બે-પાંચ લાખ આપી દઈએ... દિકરીના પિતાને આ વેણે કારમો ઘા કર્યો તેમણે વેવાઈને રોકડું પરખાવી દીધું 'વેવાઈ! મારે મારી દિકરીના જીવતરનું ઘડતર કરવાનું છે, હું દીકરીનો વેપાર કરવા નથી બેઠો.' દિકરીના નામે પચ્યાસ લાખ આપો તોય મને તે ન ખપે... પ્રશ્ન અટવાયો છે... સમસ્યા ઘેરી બનતી જાય છે. કરણ છુટાછેડા આપવા મક્કમ છે. વિદ્યા છુટાછેડા ન લેવા માટે મક્કમ છે.. આનો ઉકેલ શો હોઈ શકે?

જિંદગીને રમત માની ખિલવાડ કરતાં યુવકો માટે કોઈ કાયદા કાનૂન છે કે કેમ? અને આપણા કાયદા તો સામાજિક પ્રશ્નોને ગુંચવવાનું જ કામ કરે છે. કેસ દાખલ કરો.. કોર્ટના ધક્કા ખાવ.. મુદ્દતો પર મુદ્દતો પડે.. અને જિંદગીના મહામુલા વર્ષો પૂરા થાય તેનો હિસાબ કોણ માંડે? સામાજિક પ્રશ્નો સામાજિક માળખામાં રહીને ઉકેલાય તો એનો ઉકેલ કદાચ સુખદ હોઈ શકે પણ હવે કોઈ સમાજમાં એવું નેતૃત્વ છે ખરું કે જેમની બે આંખોની શરમ નડી જાય અને ઘીના ઠામમાં ઘી પડી રહે... બસ, હવે તો એટલું જ કહેવાનું મન થાય કે...

'ખામોશ હૈ ઈન્સાનિયત કી સમાજ બદલા હૈ,
રોતે હૈ ગીત કર્યોંકી સાજ બદલા હૈ, બઝુર્ગોંકી ખામોશી કહતી હૈ મગર
ઈન્સાન વોહી હૈ સિર્ફ જીને કા અંદાજ બદલા હૈ.'